## હા... સાહેબ !

"જંગ જામી જશે..!"

"શાના જંગની વાત કરો છો પાછા, કયો જંગ..?!"

"અરે સાહેબ અત્યારે તો એક જ અને એક માત્ર જંગ ચાલે છે. વિધાનસભાની ચૂંટણીનો જંગ..!!"

"... ભેંસ ભાગોળે અને..!!"

"એવું નથી સાહેબ, એવું નથી. બધી બાજુ લશ્કરો ગોઠવાવા માંડ્યા, કોણ કયા લશ્કરમાં ઉભુ રહેશે, કોણ કોની સાથે અને કોણ કોની સામે એના ચક્રવ્યૂહ ઘડાય છે અને એની જ મજા છે સાહેબ..!!"

"શું ધૂળ મજા છે, ખુબ સીધુ સાદુ ગણિત છે. કોંગ્રેસ અને ભાજપ વચ્ચે જંગ જામશે. એકને સત્તા ટકાવવી છે અને એકને લેવી છે. વાત સીધી સાદી છે. આમાં આટલી બધી હો હા શેની..?!"

"સાહેબ સીધુ સાદુ હોય એને રાજકારણ ના કહેવાય. આ તો શતરંજની બાજી છે. તમને સીધી સાદી લાગે છે કે સહેલી લાગે છે પણ લડાઈ ખુબ વાંકીચૂકી છે."

"હેં...હેં... એટલે શું ..? વાંકીચૂકી એટલે શું ..?

"આ જ સોગઠાબાજી ગોઠવવાની હોય છે. જીતતા ઉમેદવારને હરાવવા માટે એવા બે ઉમેદવારો ઉભા રાખવા કે જેથી જીતતા ઉમેદવારના મતો વહેંચાય અને તે હારી જાય અને હારતો ઉમેદવાર જીતી જાય."

"ઓ... હો... આ તો ખતરનાક ભેદી ચાલ છે..!"

"હા... સાહેબ... હા... આ ભેદીચાલનો ટ્રેન્ડ જ વધતો ગયો છે. એટલે જ પોતાની જાતને ચાણક્ય તરીકે ઓળખાવવાનુ ચુકતા નથી. ચક્રવ્યૂહના ભેદભરમ ઉભા કરે અને જ્ઞાતિ, સમાજો વચ્ચે વેરઝેર નાંખે, કુટુંબો-કુટુંબોને વેરણછેરણ કરે અને પછી જીતનુ અટ્ટહાસ્ય કરે એ જ રાજકારણ..!!"

"સાહેબ આ રાજકારણ તો ગંદુ છે ગંદુ. હજુ તો જેમ જેમ દિવસ નજીક આવશે તેમ બિલાડાના ટોપની જેમ પક્ષો ફૂટી નીકળશે અને ઉમેદવારોના રાફડા જામશે..!"

"અચ્છા... આટલા બધા પૈસા ચૂંટણી લડવા કોણ આપશે..?!"

"સાહેબ... આ તો સીધુસાદુ છે જેને ચાણક્ય બનવુ છે એ જ બધુ કરે. જેવો પક્ષ, જેવો ઉમેદવાર અને કોની સામે કોને ભીડાવવાનો છે એના પર ભાવતાલ નક્કી થાય. અત્યારે તો ત્રીજા, ચોથા, પાંચમા ઉમેદવાર માટે બે લાખથી બે કરોડના ભાવ ચાલે છે અને દેશના અન્ય પ્રદેશની પાર્ટીઓએ પણ પોતપોતાની દુકાનો ખોલી દીધી છે. પૈસાની રેલમછેલ થશે."

"ખરૂ છે હો. મને તો એમ હતુ કે બે પાર્ટી લડે છે એક જીતશે ને એક હારશે. આ તો નવી જ વાત જાણવા મળી..!"

"સાહેબ... આ નવુ નથી. વર્ષોથી આમ જ ચાલે છે. પરંતુ દિવસે દિવસે ગંદકી ઉમેરાતી જાય છે. મસલ્સ પાવર, મેન પાવર, જ્ઞાતિ-સમાજના સમીકરણો, વેરઝેરના દાવપેચ અને ખુલ્લેઆમ રાજકીય ખરીદ-વેચાણે સમાજ જીવનને ડહોળી નાંખ્યું છે.

"સાચી વાત છે. સ્વચ્છ શાસન માટે, સ્વચ્છ રાજકારણની અનિવાર્યતા છે. પહેલાં હું ને તમે અને આપણે જાગૃત બનીએ, ગંદકીને ઉલેચીએ, અનિષ્ટને હરાવીએ અને સંનિષ્ટને જીતાડીએ એ જ આવતીકાલની ઉજ્જવળતાનો આરંભ બનશે."

- નિમિત્ત માત્ર







**રાષ્ટ્રપિતાને રાષ્ટ્રપતિની અંજલી....**

ગુજરાતની બે દિવસીય મુલાકાતે પધારેલા રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે આજે ગાંધી આશ્રમની મુલાકાત લીધી હતી. રાષ્ટ્રપતિ બન્યા બાદની સૌ પ્રથમ ગુજરાત મુલાકાતની શરૂઆત તેમણે પૂ. બાપુની કર્મભૂમિ એવા સાબરમતી આશ્રમથી કરી હતી. જ્યાં તેમણે પૂ. બાપુની તસવીરને સુતરની આંટીનો હાર પહેરાવ્યો હતો તથા પરિસરમાં આવેલી ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. તેમની આ મુલાકાત વેળાએ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, કાયદા રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજા પણ તેમની સાથે જોડાયા હતા. રાષ્ટ્રપતિશ્રીએ આશ્રમના પટાંગણમાં વૃક્ષારોપણ પણ કર્યું હતું. તેમની આ મુલાકાત વખતે પ્રવાસન સચિવ એસ.જે. હૈદર, આશ્રમ ટ્રસ્ટના અમૃતભાઈ મોદી તથા ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# જિલ્લામાં સ્વાઈન ફલુના વધુ ૬ કેસ

## કલોલમાંથી પાંચ તો માણસામાંથી એક મળ્યો : કલોલમાં ૧૮ માસનું બાળક તો માણસામાં ૭ વર્ષની દિકરીને સ્વાઈનફલુ : જિલ્લામાં સ્વાઈન ફલુના દર્દીઓની સંખ્યા ૧૨૭ પર પહોંચી

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે વધુ ૬ કેસ સ્વાઈન ફલુના પોઝીટીવ મળી આવ્યા છે. આ સાથે જિલ્લામાં સ્વાઈન ફલુ પોઝીટીવ દર્દીઓની સંખ્યા ૧૨૭ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે કલોલમાંથી પાંચ કેસ અને માણસામાંથી વધુ એક કેસ મળી આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે હાજીપુર પી.એચ.સી. ખાતે યોજાયેલ આરોગ્ય સેવાના કેમ્પ દરમ્યાન એક મહિલા શંકાસ્પદ જણાતા તેને નિદાન માટે ગાંધીનગર સિવિલ ખસેડવામાં આવી હતી. જ્યાં તેણીની પરીક્ષણ દરમ્યાન સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયેલ છે.

આ ઉપરાંત પાનસર પી.એચ.સી.ના કાંઠા ગામેથી પણ એક પુરૂષ દર્દીને સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયેલ છે.

કલોલ શહેરમાંથી ૩ દર્દી સ્વાઈન ફલુ પોઝીટીવના મળી આવ્યા છે. આ દર્દીઓને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. કલોલ શહેરમાંથી એક ૧૮ મહિનાના નાના બાળકને સ્વાઈન ફલુ પોઝીટીવ જણાઈ આવેલ છે.

આ ઉપરાંત માણસામાંથી પણ અર્બન વિસ્તારમાંથી એક બાળકીને સ્વાઈન ફલુ પોઝીટીવ હોવાનું જણાઈ આવેલ છે.

સ્વાઈન ફલુ છેલ્લા ત્રણ દિવસથી બાળકોમાં વધુ જોવા મળી રહ્યો છે તેને લઈ તંત્ર વધુ ચિંતીત બન્યુ છે. આ માટે તંત્ર દ્વારા બાળકોના સ્ક્રીનીંગ પર પણ ખાસ ભાર મુકવા માટે અધિકારીઓને તાકીદ કરી હોવાનું જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

### શહેરના બોરીજ, સે-૪ અને સે-૨૬માંથી સ્વાઈન ફલુના ત્રણ દર્દી મળી આવ્યા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરમાં આજે બે મહિલા દર્દી અને એક બાળકને પરીક્ષણ દરમિયાન સ્વાઈન ફલુ પોઝીટીવ જણાતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આજે મળેલા ૩ કેસ સાથે ગાંધીનગરમાં દર્દીઓની સંખ્યા ૩૯ પર પહોંચી છે. આ પૈકી ૨૮ દર્દી સાજા થઈ જતાં તેમને રજા આપવામાં આવી છે જયારે હાલ ૭ દર્દી સારવાર હેઠળ છે. આ ૭ દર્દી પૈકી ૧ બાયપેપથી સારવાર હેઠળ છે જયારે ૧ દર્દી વેન્ટીલેટર પર છે અને અન્ય પાંચ દર્દીની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે. મળતી વિગતો પ્રમાણે બોરીજની એક ૫૫ વર્ષીય મહિલા તેમજ સેકટર-૪માંથી એક ૨૮ વર્ષીય મહિલા અને સેકટર-૨૬ની એક ત્રણ વર્ષીય દીકરીને આજે પરીક્ષણ દરમિયાન સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયેલ છે. આ ત્રણેય દર્દીઓને સ્વાઈન ફલુ પોઝીટીવ સરકાર માન્ય ખાનગી લેબોરેટરીના પરીક્ષણમાં જણાયેલ છે. ત્રણેય દર્દીની સ્થિતિ હાલ સ્થિર હોવાનું જાણવા મળેલ છે. આ ત્રણેય દર્દી ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. મનપાના આરોગ્ય તંત્ર દ્વારા મળી આવેલા દર્દીઓના રહેઠાણની આસપાસના વિસ્તારમાં સઘન સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું છે. પણ કોઈ શંકાસ્પદ કેસ મળી આવેલ નથી.

મળતી વિગતો પ્રમાણે સ્વાઈન ફલુને લઈ તંત્ર દ્વારા સર્વેલન્સનો બીજો તબક્કો પણ શરુ થઈ ચુકયો છે.

# રાહુલ સાથેની સંવાદમાં ભાગ લેવા ૪ હજાર કાર્યકરો જશે

## 'સી' આકારનો રેપ રિવરફ્રન્ટ પર બનાવાશે રાહુલ ગાંધી સંવાદ માટે બે કલાક ગાળશે

ગાંધીનગર, તા. ૩

કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીના આજે યોજાયેલ સંવાદ કાર્યક્રમમાં જિલ્લા અને શહેરના ૪ હજાર જેટલા કાર્યકરો ભાગ લેવા અમદાવાદ જશે. રિવરફ્રન્ટ પર યોજાયેલા આ સંવાદ કાર્યક્રમને લઈ કોંગ્રેસ પક્ષ દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ સંવાદ કાર્યક્રમમાં રાહુલ ગાંધી બે કલાક કાર્યકરો સાથે સીધી વાત કરનાર હોવાથી કોંગ્રેસના કાર્યકરો વધુ ઉત્સાહિત બન્યા છે.

કોંગ્રેસના અંતર્ગત સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સંવાદ કાર્યક્રમ સાથે વિવિધ વર્ગના લોકોને પણ આમંત્રણ આપવામાં આવ્યુ છે.

સંવાદના આ વિશેષ કાર્યક્રમ માટે 'સી' આકારનો રેપ બનાવવામાં આવશે. આ રેપ પરથી જ રાહુલ સીધી વાત કાર્યકરો સાથે કરશે. રેપ પર અન્ય કોઈને સ્થાન નહિ અપાય તેમ પણ જાણવા મળેલ છે.

વિધાનસભા બેઠક દીઠ ઓછામાં ઓછા ૧૦૦ કાર્યકર્તાઓ અપેક્ષિત હોવાનું પક્ષના અંતરંગ સૂત્રોએ જણાવ્યુ છે. ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી માટે બન્ને પક્ષોએ તૈયારીઓ આરંભી દીધી છે. કોંગ્રેસના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ સંવાદ કાર્યક્રમ પછી ૨૨ થી ૨૬ સપ્ટેમ્બર દરમ્યાન રાહુલ ગાંધી ગુજરાતનો પ્રથમ તબક્કાના પ્રચાર અભિયાન યાત્રાનો દ્વારકા દર્શન કરીને કરશે.

કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી આવતીકાલે અમદાવાદની મુલાકાતે આવવાના છે ત્યારે કોંગ્રેસના કાર્યકરો અને આગેવાનો ઉત્સાહિત છે. બીજીબાજુ, સાબરમતી રિવરફ્રન્ટ પર આવતીકાલે પંચાયતી રાજના ચૂંટાયેલા લોકપ્રતિનિધિઓનું વિશાળ સંમેલન યોજાશે. જેમાં રાજયભરમાં ૨૦ હજારથી વધુ કાર્યકરો અને આગેવાનો ભાગ લે તેવી શકયતા છે.

સ્વ. શ્રીમતી શૈલાબેન ઉર્ફે (સૂર્યાબેન) પટેલની
ચતુર્થ માસિક પુણ્યતિથિએ
શ્રદ્ધાંજલિ



શૈલાબેન આર. પટેલ

એક એવો જેવી - એક એવો આત્મા
જે અમારા સૌના જીવનને ઉજાળી ગયો.
પોતાના બધુ ઋણ ઉતારી અમને સૌને ઋણી બનાવી ગયો.
સાલસ, નિર્દોષ આ જીવન શૈલા સ્વરૂપે અમારા આત્મિયજન
સ્વરૂપે અમને મળ્યો એ અમારા સૌનું સદ્‌ભાગ્ય.. ખૂબ ટૂંકા
સમયમાં જેણે અમને ભવોભવનાં બંધનમાં બાંધી લીધા એવી
અમારી સૌની લાડકી શૈલાના આત્માને પ્રભુ ચરણોમાં સ્થાન
મળે એવી અંતઃકરણથી પ્રભુને પ્રાર્થના... શ્રદ્ધાંજલી

રમેશભાઈ ભલાભાઈ પટેલ
ભાવનાબેન રમેશભાઈ પટેલ
આકાશ રમેશભાઈ પટેલ
ઉમંગ રમેશભાઈ પટેલ
હાલ - ગાંધીનગર (કુહાવાળા)



નવા સર્કલ- નવી પ્રતિમા - નવા ગાંધીનગરમાં રિલાયન્સ ચોકડીથી જાણીતા બનેલા ચાર રસ્તા પર ગુડા દ્વારા નવનિર્મિત સર્કલને આખરી ઓપ અપાઈ રહ્યો છે... સર્કલ પર દેશ નેતાની પ્રતિમા પણ ગોઠવાઈ ગઈ છે... હજુ અનાવરણની રાહ જોવાય છે... એટલે પ્રતિમા ઢંકાયેલી છે... આગામી પખવાડિયામાં સર્કલના લોકાર્પણનો અને પ્રતિમાનું અનાવર સમારોહ યોજાશે... અને નગરના આકર્ષણમાં વધુ એક સર્કલ ઉમેરાશે....

# પ્રાંતિયા, ડભોડા અને વડોદરામાં આરોગ્ય કર્મીઓની ગેરહાજરી તપાસમાં જણાઈ

## કર્મચારીઓને નોટીસ આપી ખુલાસા મંગાયા છે : ડીડીઓ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં પ્રાંતિયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓની લાલિયાવાડી સામે તંત્રએ હાથ ધરેલી આકસ્મિક તપાસમાં ગેરહાજરી જણાતાં કર્મચારીઓને નોટીસ આપવામાં આવી છે.

ભાજપના જયેશ ચૌધરીએ પુછેલા પ્રશ્નના ઉત્તરમાં જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. જાગાણીએ જણાવ્યુ હતુ કે ૧૦-૫-૧૭, ૨૯-૫-૧૭ અને ૨૭-૭-૧૭ના રોજ હાથ ધરાયેલ તપાસમાં ગેરહાજર જણાયેલ મેડીકલ ઓફિસર, લેબટેકનીશ્યન, ફાર્માસીસ્ટ, એફ.એચ.એસ., એફ.એચ.ડબલ્યુને નોટીસ આપી ખુલાસો માંગવામાં આવ્યો છે.

તેમણે જણાવ્યુ હતુ કે ૨૬-૭-૧૭ના રોજ ડભોડા પ્રા.આ. કેન્દ્રની મુલાકાત વેળાએ પણ આયુષ, એમ.ઓ., આર.બી.એસ.કે એમ.ઓ., લેબ ટેકનીશ્યન અને અન્ય કર્મચારીઓ ગેરહાજર જણાતાં તેમને પણ નોટીસ આપી ખુલાસો માંગવામાં આવ્યો છે.

આ ઉપરાંત ૨૭-૭-૧૭ના રોજ પ્રા.આ. કેન્દ્ર વડોદરામાં તપાસ દરમ્યાન ગેરહાજર કર્મચારીઓને નોટીસ આપી ખુલાસો માંગવામાં આવ્યો છે.

જયેશ ચૌધરીના જવાબમાં જ ડૉ. જાગાણીએ જણાવ્યુ હતુ કે નોટીસના જવાબ પછી તેની તપાસ થતી હોય છે અને તેમાં હલ્કી તથા ભારે સજાની જોગવાઈ છે. તપાસ થશે અને પછી સજા અંગે નિર્ણય ગુણવત્તા તેમજ સેવાઓને ધ્યાને રાખી લેવામાં આવશે.

તબીબી અધિકારીઓ સહિતના કર્મચારીઓની ગેરહાજરીની ગંભીર નોંધ સામાન્ય સભાએ લીધી છે. એટલુ જ નહિ ફરજના સ્થળ પર નહિ રહેતા અધિકારીઓ અંગે પણ આગામી દિવસમાં તંત્ર ગંભીરતાથી પગલાં લેશે તેમ જાણવા મળેલ છે.

# આઉટ સોર્સિંગના પગાર ચુકવણા અંગે તપાસ થશે : ડીડીઓ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આઉટ સોર્સિંગ એજન્સી તેના માણસોને પુરો પગાર નહિ ચુકવતી હોવાની ગંભીર ફરિયાદને લઈ જિલ્લા વિકાસ અધિકારીએ આ અંગે તપાસ કરવા માટેની ખાત્રી આપી છે. આ તપાસ બે મહિનામાં જ પૂર્ણ કરી દેવામાં આવશે તેમ પણ તેમણે કહ્યુ હતુ.

## આઉટ સોર્સિંગ એજન્સી નિયત ધોરણ મુજબ પગાર નથી ચુકવતી : બેચરજી ઠાકોર

જિલ્લા પંચાયતમાં આઉટ સોર્સિંગ એજન્સી તેના માણસોને નિયત કરાયેલ રકમ પ્રમાણે પગાર નહિ ચુકવી અને શોષણ કરી રહી હોવાનો ગંભીર આક્ષેપ કોંગીના બેચરજી ઠાકોરે પંચાયતની સામાન્ય સભામાં રજુ કર્યો હતો.

બેચરજી ઠાકોરે જણાવ્યુ હતુ કે જે પગાર-ધોરણ ચુકવવાના નિયત કરાયા છે તેના કરતાં ઘણા ઓછા પગાર ચુકવવામાં આવી રહ્યા છે અને બાકીના પૈસા ચાઉ થઈ જાય છે. આ માટે તાત્કાલિક પગલાં લેવાની માંગ કરાઈ હતી.

જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ જણાવ્યુ કે આ મુદ્દે તપાસ માટે કર્મચારીઓના નિવેદન લેવા પડશે એટલુ જ નહિ એજન્સી ઈ.પી.એફ.ની રકમ કાપતી હોય છે, તેમજ બીજી કેટલીક યોજના અંતર્ગત પણ રકમો કપાતી હોય છે એટલે એજન્સીનું પણ નિવેદન નોંધવુ પડે. ખુબજ ઝીણવટભરી તપાસ આ ફરિયાદમાં જરૂરી છે અને તે કરવામાં આવશે.

સભ્યોએ તપાસ સાત દિવસમાં કરવાનો આગ્રહ રાખ્યો હતો પરંતુ કર્મચારીઓની સંખ્યાને બધુ જોતાં જિલ્લા વિકાસ અધિકારીએ બે મહિનામાં તપાસ પૂર્ણ કરવાની ખાત્રી આપી હતી.

ચૂંટણીની આચાર સંહિતા આવશે તો પણ તપાસ ચાલશે અને તેની વિગતો પણ અત્રે રજુ કરીશુ.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ની
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com